| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Divya Bhaskar** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **11/06/2022** |
| **PAGE :** | **06** |

### ડિગ્રી સર્ટિ મળે એટલે સરકારી નોકરી શોધતા વિદ્યાર્થીઓને યુપીનાં રાજ્યપાલની સલાહ

# 20%થી વધુ સરકારી નોકરી નથી, વિદ્યાર્થી નવા બિઝનેસ, રિસર્ચ પર ધ્યાન આપે : આનંદીબેન

## EDIIના 21મા પદવીદાન સમારોહમાં 147 સ્ટુડન્ટ્સને ડિગ્રી એનાયત કરવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે 21માં પદવીદાન સમારોહમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલ ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદી પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં તેમણે વિદ્યાર્થીઓને સંબોધન કરતા કહ્યું હતું કે, "ડિગ્રી સર્ટિફિકેટ મળે એટલે દરેક સ્ટુડન્ટ સરકારી નોકરી માટેના પ્રયાસો શરૂ કરે છે. સરકારી નોકરી મેળવવા સ્ટુડન્ટ અહીં તહીં ફરે છે, પરંતુ અત્યારે 20% થી વધારે સરકારી નોકરીઓ છે જ નહીં. કારણ કે હવે દરેક કામ ઓનલાઈન થાય છે? તેથી તેમણે ઉદ્યમ તરફ ધ્યાન કેન્દ્રિત કરી રિસર્ચ ક્ષેત્રે આગળ વધવું જોઈએ જે અન્યલોકોને પણ મદદરૂપ



બનશે."

પદવીદાન સમારોહમાં 139 પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને મેનેજમેન્ટમાં 8 ફેલો સ્ટુડન્ટ્સને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે દેશને ટ્રેઈન્ડ આંત્રપ્રિન્યોર્સની જરૂર છે જેઓ તેમના નોલેજ, સ્કિલ અને વિઝન દ્વારા એક આંત્રપ્રિન્યોર તરીકે મોટું કામ કરી શકે.

### મુશ્કેલી નહીં પરંતુ તેનું સમાધાન શોધવું જોઈએ

નાની મોટી દરેક ઈન્ડસ્ટ્રીમાં કોઈ મુશ્કેલીઓ હોય છે. તેઓ પોતાની સમસ્યાઓ વિશે કહે છે પણ તેનું સોલ્યુશન નહોતું આવતું, પરંતુ જ્યારે ચંડીગઢ યુનિવર્સિટી સાથે કામ કર્યું ત્યારે જોયું કે તેમણે પ્રોબ્લેમના સોલ્યુશન શોધી, એપ ડેવલપમેન્ટ કરીને ઈન્ડસ્ટ્રીના લોકોને આમંત્રણ આપી મુશ્કેલીઓના સમાધાન પર કામ કર્યું. સમસ્યાઓના સમાધાનનો આ અપ્રોચ દરેકે અપનાવવો જોઈએ. » આનંદીબેન પટેલ, રાજ્યપાલ, ઉત્તરપ્રદેશ

### આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે ક્યારેય શોર્ટકટ ન લેતા

"જીવનના મુશ્કેલ સમયે પણ પ્રકાશના કિરણો જોઈ શકે તે જ સાચો ઉદ્યમી છે. કોવિડ પેન્ડેમિકના કપરા સમયે હાર ન માનતા આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે તક શોધી કાર્ય કરનારા આંત્રપ્રિન્યોર્સની સંખ્યા વધી છે. આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે ક્યારેય શોર્ટકટ ન લેતા ક્ષેત્રમાં રહેલી તકોને અપનાવવી જોઈએ.» રાકેશ શર્મા, ઈડીઆઈઆઈના પ્રેસિડન્ટ, આઈડીબીઆઈ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ